ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ધોરણ૧૦માં શહેરનો ધ્યાન પટેલ રાજ્યમાં પ્રથમ સ્થાને

**કડી કેમ્પસની શેઠ સી એમ હાઇસ્કુલના ધ્યાન પટેલનો રાજયમાં પ્રથમ નંબર : સંસ્થાના ચેરમેન વલ્લભભાઇ પટેલે અભિનંદન આપ્યા : શાળાના આચાર્ય ડો ચેતના બુચના સતત માર્ગદર્શન સહીત શાળાના શિક્ષકો સારા પરિણામ માટે જવાબદાર : ધ્યાન પટેલ**

ગાંધીનગર તા ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલા ધો -૧૦ ના પરિણામમાં કડી સર્વ વિદ્યાલયના ધ્યાન જગદીશભાઇ પટેલે સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. કે જી થી કડી સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત શેઠ સી એમ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધ્યાનની આ સફળતાને સંસ્થાના ચેરમેને તેમજ શાળાના આચાર્યએ પણ બિરદાવી છે.



ધો -૧૦ માં રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરના ધ્યાન જગદીશભાઇ પટેલ કે જી થી કડી કેમ્પસમાં અભ્યાસ કરે છે. અત્યાર સુધી ધ્યાને શાળામાં યોજાતી શૈક્ષણિક તેમજ અન્ય પ્રવૃતિમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.ધો -૯ માં યોજાયેલી પ્રખરતા શોધ કસોટીમાં પણ તેણે ઉમદા દેખાવ કર્યો હતો. તે પોતાના મોટાભાઇ મિતની જેમ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવા ઇચ્છે છે. ધ્યાને આગળ આઇ આઇ ટી માં અભ્યાસ કરવો છે. તેનો ભાઇ મિતે પણ કડી કેમ્પસમાંથી જ શિક્ષણ મેળવ્યુ હતુ. ધ્યાનના જણાંવ્યા મુજબ કડી કેમ્પસનુ વાતાવરણ આચાર્ય અને શિક્ષકો તરફથી મળતુ સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન સારા પરિણામ માટે જવાબદાર છે. શાળાના આચાર્ય ડો ચેતના બુચ પણ સતત બુસ્ટ અપ કરીને સદાય માર્ગદર્શન પુરુ પાડયુ છે. આ તબક્કે ધ્યાને તેમનો પણ આભાર વ્યકત કર્યો હતો. કડી કેમ્પસમાં ગુણવત્તાયુકત પ્રશ્નપત્રો કાઢીને વિદ્યાર્થીને પરીક્ષા માટે સજજ કરવામા આવે છે. સતત મુલ્યાંકનથી વિદ્યાર્થીઓ વધુ તૈયાર થાય છે. શાળાના ૩ વિદ્યાર્થીઓ એ વન રેન્કમા આવ્યા છે.જયારે બે વિદ્યાર્થીઓ માત્ર એક ગુણ જ એવનથી દુર રહ્યા છે. જયારે એ ટુ રેન્કમાં પણ ૩૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ તબક્કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઇ પટેલે જણાંવ્યુ હતુ કે સંસ્થા છેલ્લા ૧૦૦ વર્ષથી વિદ્યાર્થીઓનુ ઘડતર કરે છે.જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને પણ મદદરૂપ થાય છે. શેઠ સી એમ વિદ્યાલયના વિદ્યાર્થી ધ્યાને સંસ્થાને તેમજ તેના માતાપિતાને પણ ગૌરવ અપાવ્યુ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ધ્યાનને તેમજ સમગ્ર શેઠ સી એમ વિદ્યાલયના શાળા પરિવારને અભિનંદન આપે છે.

# શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ

## સે. ૧૪, સે. ૨૩ અને સે. ૨૮ માંથી આ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૩ કેસ મળી આવ્યા છે. આજે આ ત્રણ કેસ મળતાં શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૪૬ થઈ છે.

એક દિવસના વિરામ બાદ આજે કોરોનાએ શહેરમાં ફરી દેખા દીધી છે. આજે નોંધાયેલા ૩ દર્દી પુરૂષ છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૧૪, ૨૩ અને ૨૮ માંથી આ કેસ મળી આવ્યા છે. આ ત્રણેય દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું હાલ જાણવા મળેલ છે.

મોડી સાંજે આ ૩ કેસ સામે આવતાં જ તંત્રની દોડધામ વધી જવા પામી છે. તંત્ર દ્વારા ત્રણેય દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તે અંગેની વિગતો એકત્ર કરવા ઉપરાંત આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી હાલ ૪૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૦૨ દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૩ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

# ગ્રામ્યમાં વધુ બે કેસ

**કલોલના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત : જિલ્લામાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ બન્ને કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીનો આંક ૧૮ થયો છે.

ગાંધીનગર જિલ્લામાં રિકવરી રેટ વધવાની સાથે સાથે ડેથ રેટ પણ વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે આજે કલોલના એક બાવન વર્ષીય પુરૂષ દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દી ડાયાીટીસથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે. કો. મોર્બીડ દર્દીઓની સંખ્યા જિલ્લામાં વધુ જોવા મળી રહી છે તેથી તંત્રની

● અનુસંધાન પાન-૭ પર

# બીએસએનએલનુ તંત્ર છેલ્લા એક વર્ષથી લોકડાઉન મોડમાં..!!

**બહુ કહેવાય...વનવિભાગની ત્રણેય કચેરીના ફોન છેલ્લા એક વર્ષથી બંધ : સેકટરોમાં સેંકડો લેન્ડલાઇન ફોન બંધ હાલતમાં : અનેક ફરિયાદો છતા કોઇ ઉકેલ આવતો નથી**

ગાંધીનગર તા ૧૦

કોરોનાની મહામારીના લીધે સવા બે મહીનાના લોકડાઉનના અંતે હવે વિવિધ સરકારી કચેરીઓ ધમધમતી થઈ છે. બે મહીના સુધી આમ નાગરિકોનો વેપાર ધંધા બંધ થઈ ગયા હતા. જયારે હવે માંડ શોપિંગ બજારો ધમધમતા થયા છે. પરંતુ ભારત દુર સંચાર નિગમ છેલ્લા એક વર્ષથી લોકડાઉનની અસર હેઠળ હોય તેવી સ્થિતિ છે. સેકટરોમાં સેંકડો ફોન બંધ છે. એટલુ જ નહી પરંતુ રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ સરકારી કચેરીઓના લેન્ડલાઈન ફોન પણ એક એક વર્ષના સમયના અંતે પણ બંધ હાલતમાં છે. બિલ ભરપાઈ કરી દીધુ હોવાછતા ફોનની રીંગ રણકતી નથી. બિલ ન ભરાયુ હોય તો બી એસ એન એલ નુ તંત્ર લાઈન કટ કરવામાં જરા વાર પણ વિલંબ કરતુ નથી. પરંતુ લાઈન રીપેર કરવા કે ગ્રાહકોને સર્વિસ પુરી પાડવામાં બી એસ એન એલ માત્ર હાથ ઉંચા કરવામાં માને છે. પાટનગરમાં કાર્યરત વનવિભાગની મુખ્ય ત્રણ કચેરીઓમાં જ છેલ્લા એક વર્ષથી ફોન બંધ છે. જેના લીધે વનતંત્રના અધિકારીઓ સહીત સ્થાનિકો ત્રાહીમામ છે. શહેરના સે-૧૭ માં સ્થિત વનવિભાગની ડીવીઝનલ

● અનુસંધાન પાન-૭ પર

# સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કુડાસણ પંચાયતની મુલાકાત લેતા ડીડીઓ દુહાન



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના સુઘડ પ્રા.આ. કેન્દ્ર અને કુડાસણ ગ્રામ પંચાયતની ઓચિંતી મુલાકાત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે લીધી છે.

સુશ્રી દુહાને ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે ચાર્જ સંભાળ્યા હજુ ૧૦ જ દિવસ થયા છે ત્યાં તેમણે આજે સુઘડ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે પ્રા.આ. કેન્દ્ર ખાતે જઈ તબીબી અધિકારી સાથે કોવિડ-૧૯ની આ પરિસ્થિતિમાં તેમના દ્વારા લેવાયેલા પગલાં, કન્ટેનમેન્ટ ઝોન, સર્વેલન્સની કામગીરી, અત્યાર સુધી પી.એચ.સી. વિસ્તારમાં નોંધાયેલા કેસો, ક્વોરોન્ટાઈન કરાયેલા લોકો અંગેની વિસ્તૃત જાણકારી મેળવી હતી. તેમણે પ્રા.આ. કેન્દ્રની ઓ.પી.ડી. તેમજ ચોમાસાને લઈ ચાલી રહેલી અન્ય કામગીરી ઉપરાંત દવાઓના જથ્થા અંગે પણ પૃચ્છા કરી હતી.

આ પછી સુશ્રી દુહાન કુડાસણ વિસ્તાર કે જ્યાં કોવિડ-૧૯ના કેસો વધી રહ્યા છે તે ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. તેમણે પંચાયત ઘરની મુલાકાત લઈ પંચાયતની વિવિધ કામગીરી વિશેની વિગતો જાણી અને કામગીરીને સઘન બનાવવા માટે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ આપી હોવાનું૧ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સીટી રેન્કીંગમાં ગાંધીનગર ૫૮મા સ્થાને

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર સ્માર્ટ સીટીના રેન્કીંગમાં ૫૮મા સ્થાને આવ્યું છે. ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયે આ રેન્કીંગનું પરિણામ તાજેતરમાં જાહેર કર્યુ છે. ગાંધીનગર શહેરને માત્ર ૯.૩ ગુણાંક પ્રાપ્ત થયા છે. ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેકટમાં સમાવેશ કરાયો છે અને તેને આ માટે સારી એવી ગ્રાન્ટ પણ મળી ચુકી છે પરંતુ પ્રોજેકટના ઘણા કામો હજુ અટવાયેલા પડયા છે. ગાંધીનગર શહેર એ રાજયની રાજધાની છે અને અહીં ભાજપની સરકાર મનપા બધુ જ હોવા છતાં તેનો ક્રમ ૫૮મો આવ્યો છે.

# મનપા સ્થાયી સમિતિની આવતીકાલે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક શુક્રવારના રોજ બપોરે ૧૨ વાગે મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષસ્થાને સમિતિના સભાખંડમાં આ બેઠક મળશે. આ બેઠકમાં અગાઉની બેઠકમાં મુલ્તવી રખાયેલ એક કામ ઉપરાંત બીજા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી અને નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં મનપામાં મેનપાવર અંગેના ટેન્ડર બાદ કામગીરી સોપવાને લઈ નિર્ણય કરવામાં આવશે. વારંવારના વિવાદો પછી હવે આ બેઠકમાં

● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ સંકુલ-૧માં અદ્યતન ટેકનોલોજીથી સજ્જ થર્મલ સ્કેનીંગ





ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સચિવાલયમાં આવેલ સ્વર્ણિમ સંકુલ-૧માં કોવિડ-૧૯ના સંક્રમણને લઈ ખાસ થર્મલ સ્કેનીંગ મુકવામાં આવ્યુ છે.

આ સંકુલ-૧માં રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિતના કેબિનેટ મંત્રીઓના કાર્યાલયો આવેલા છે.

અતિ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ આ થર્મલ સ્કેનીંગની વિશેષતા એ છે કે તે તેની ત્રણ મીટરની ત્રિજ્યામાં આવતા દરેક વ્યક્તીનું ટેમ્પરેચર ઉપરાંત તેણે માસ્ક પહેર્યો છે કે નહિ તેનુ મોનીટરીંગ કરે છે.

આ સ્કેનીંગ મશીનમાં મોનીટરીંગમાં આવેલ વ્યક્તીની ઈમેજ સાથે તેના ટેમ્પરેચરની પણ નોંધ કરે છે. સ્હેજ પણ શંકાસ્પદ વ્યક્તી લાગતાં તરત જ આ મશીનમાં બજર વાગે છે અને તેથી ત્યાં આરોગ્યની ટીમ તૈનાત રાખવામાં આવી છે જે તે વ્યક્તીની તપાસ કરે છે.

રાજ્યના સૌથી મોટા વહીવટી સંકુલમાં આમ તો પ્રવેશ વેળાએ જ ટેમ્પરેચર ગનથી પ્રવેશ લેનાર વ્યક્તીની તપાસ ટીમ દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર સચિવાલય સંકુલ માટે ખાસ વ્યવસ્થાઓ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પણ કોવિડ-૧૯નું સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે સચિવાલયના સ્વર્ણિમ સંકુલ માટે આ ખાસ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# સે-૨૯ના રહેણાંક વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ઉભરાયુ : રોગચાળાનો ખતરો

**વારંવાર ગટરો ઉભરાતા સ્થાનિકો ત્રસ્ત : સેકટરમાં સફાઇ કામગીરીના નામે પણ મીંડુ**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા સમયાંતરે ઉઠતી રહે છે. એકબાજુ મેનપાવર અને મશીનરીનો અભાવ છે. જયારે સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલવાની કામગીરી પણ હજુ પુર્ણ થઈ નથી જેના લીધે વારંવાર ગટરોનુ દુષિત પાણી રહેણાંક વિસ્તારમાં રોગચાળાનો ખતરો બને છે. સે-૨૯ ના ખાનગી રહેણાંક વિસ્તારમાં પણ હાલ આવી જ દશા છે. સેકટરમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાઈ રહી છે. અસહ્ય દુર્ગંધ વચ્ચે નાગિરકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. સેકટરમાં ગટરો ઉભરાવાની સમસ્યા ત્વરિત હલ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ગંદકીની સમસ્યા જટીલ બની છે. જયારે વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે ગંદકીના ઢગ દુર કરવા માટે પણ સફાઈ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે. આવા સંજોગોમાં સેકટરોમાં ઉભરાતી ગટરોની ફરિયાદો દુર કરવા માટે પણ ત્વરિત પગલા ન લેવાતા સ્થાનિકો માટે મુંઝવણરૂપ સ્થિતિ ઉદભવી છે. સે-૨૯ માં ખાનગી રહેણાંક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાવાની સમસ્યાએ હદ વટાવી છે. કોરોનાની મહામારીમાં તંત્રના અધિકારીઓ સફાઈ સહીતની અન્ય બાબતે નિષ્ક્રીય બન્યા છે. જયારે ગટરો



ઉભરાતા દુષિત પાણી ફરી વળતા આ વિસ્તારમાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. આ સ્થિતિમાં આમ નાગરિકોના આરોગ્ય પર ખતરો મંડરાયો છે. આ વિસ્તારમાં સફાઈ કામદારો આમ પણ સફાઈ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®


AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



કોરોનાની મહામારી વચ્ચે નાગરિકો સ્વયં શિસ્ત દાખવી હવે મોઢા પર માસ્ક પહેરીને સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન કરી રહ્યા છે. પરંતુ હજુ પણ જે ઠેકાણે ભીડ થવાની શક્યતાઓ છે તેવા પબ્લીક પ્લેસ પર જનજાગૃતિનો અભાવ વર્તાઈ રહ્યો છે. સચિવાલયમાં સ્થિત રેલવે રીઝર્વેશન કાઉન્ટર પર આવનાર મુલાકાતી માસ્ક ન પહેરતો હોવાનુ આ તસવીર પરથી જ સ્પષ્ટ થાય છે. કતારમાં ઈન્કવાયરી માટે આવતા મુલાકાતીઓ કાઉન્ટર પર માસ્ક ન પહેરતા કાઉન્ટર ઓફિસરે તે જગ્યાએ માસ્ક લગાવી દીધુ છે. જેથી આવનાર મુલાકાતીઓ કે પોતે સંક્રમણનો ભોગ ન બને .. જે જગ્યાએ માત્ર મ્હોં ધરીને પુછવાનુ હોય ત્યાં માસ્ક પહેર્યા વિના ડોકીયુ કરીએ તો કોરોના સામેની લડાઈ કદાચ લાંબી નહીં પરંતુ કયારેય પુરી નહી થાય તેવી બની જશે. નાગરિકોએ હજુ વધુ સર્તક થવાની અનિવાર્યતા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com